

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કૌભાંડો - કીચડમાં નિસ્પૃહ રહેવું પડશે !*
*સૂચના મુજબ, દિવસ-રાત કહેવું પડશે !*
*ખીલવું પડશે જૂથોના પંક માં પંકજભાઈ!*
*બત્રીસ દાંત વચ્ચે સાચવીને સહેવું પડશે !*
*(મા.શ્રી. પંકજકુમારને હાર્દિક શુભેચ્છા)*

### હાઈકુ

*લેજો સંતોષ*
*સરવરીયાંમાં જ*
*ધમાકેદાર!*

*'ચોમાસું ગયું'!*
*કરી નાખો આગાહી -*
*પડશે સાચી !*

### ચિંતન

*ગચ્છન્ પિપિલિકા યાતિ, યોજનાનાં શતાન્યતિ ।*
*ગચ્છન્ વૈ નતેયો અપિ, પદમેકં ન ગચ્છતિ ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**કીડીઓ ભલે ધીમે ચાલે છતાં ચાલતી રહે તો સો હજાર કિલોમીટર ચાલી જાય છે. પણ ગરુડ વેગવાન છે, પરંતુ જો ન ચાલે તો એક ડગલુંય ચાલતો નથી. આગળ વધી શકતો નથી.**

**આપણામાં એવા કેટલાક માણસો હોય છે, જે એવી માન્યતાઓ અને પૂર્વગ્રહોમાં રાચતા હોય છે કે મારો નિર્ણય શ્રેષ્ઠ, મારું કામ જ અવ્વલ, હું કરું એવું કોઈ કરી ન શકે, આવી વિચારસરણી રાખવી એમાં વાંધો નથી પણ એ દિશામાં સફળ થવા એવાં કાર્યો કરવા કાર્યાન્વિત થવું જોઈએ. જો કામની શરુઆત થાય તો કાંઈક આગળ વધે. માત્ર ઉત્તમ આયોજનની વિચારણા અને ઢંઢેરા પીટવાથી કાર્યો આપોઆપ પૂરાં થતાં નથી. ભલે ધીમી ગતિનું કામ સમય આવ્યે શરૂ કરી નાખવું એ જ વધારે યોગ્ય છે.**

**આયોજન અને વિચારણામાં સમય વેડફી નાખવા કરતા થોડું પણ શરૂ તો કરો.**

### સુવિચાર

- ઈન્હીં ગમ કી ઘટાઓં સે ખુશી કા ચાંદ નિગલેગા... અંધેરી રાત કે પરદોં મેં દિન કી રોશની ભી હૈ... - **દિલશાદ**
- અહંકાર થઈ જાય ખાખ, અંતે તો બની જાય રાખ,
  સત્કાર્યો એવા કરજો કે, મર્યા પછી પણ રહી જાય શાખ - **જનકલ્યાણ**
- પેન્સિલ બની કોઈના સુખ ન લખી શકો તો કંઈ વાંધો નહિ
  પરંતુ રબર બની બીજાના દુઃખ તો જરૂર ભુંસી શકાય - **જીવન પાથેય**
- અંધકાર, તોફાન, ભૂખ, દુર્ઘટના અને વિરોધનો એવી રીતે
  સામનો કરો જે રીતે પશુ અને પક્ષીઓ કરે છે - **મોહન પરમાર**
- 'બોડી' જમાવવા શિયાળો સારો, 'બીઝનેશ' જમાવવા ઉનાળો સારો,
  'બ્રેઈન વોશ' કરવા ચાતુર્માસ સારો - **બોધિવૃક્ષ**
- જેવી રીતે પ્રકાશ વગર નેત્ર પોતાનું કાર્ય કરી શકતી નથી, તેવી રીતે બુદ્ધિ 'જ્ઞાન' ઈશ્વરીય સહાયતા વગર પોતાનું કાર્ય કરી શકતી નથી... - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સંતરાની છાલ પાણીમાં ખૂબ ઉકાળી તે પાણી નવશેકું હોય ત્યારે અડધો ગ્લાસ પીવાથી માઈગ્રેનમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ધનિક શેઠની દસેક વર્ષની પુત્રી ને ગરીબની પુત્રી સાથે ગાઢ મિત્રતા બંધાઈ હતી. ગરીબની પુત્રી પોતાની ગરીબાઈની વાત કરે ત્યારે અમીરની પુત્રીને એની દયા આવતી. ધનિક શેઠને આ વાત ધ્યાને આવી. એણે ગરીબની પુત્રીને કહ્યું, 'મારી પાસે એક પારસમણી છે, જો તુ તારે ઘરેની લોઢાનો ટુકડો લાવી આપે તો સોનું કરી આપું.' પેલી ગરીબની પુત્રી લોઢું લાવી. ધનિકે આખી રાત લોઢા ઉપર પારસમણી મૂક્યો પણ લોઢાનું સોનું થયું નહીં. આથી ધનિકની પુત્રી રડવા લાગી. પિતાએ પૂછ્યું, 'તું શા માટે રડે છે ? તને શું દુઃખ છે?' પુત્રી બોલી. 'આપણે પારસમણી એક કોડીને પણ રહ્યો નથી.' શેઠે પૂછ્યું, 'કેમ એવું બોલે છે ?' પુત્રી બોલી, 'આપણે સોનું બનાવવા આખી રાત મણિ સાથે લોખંડ મૂક્યું. તેમ છતાં તેનાથી સોનું બન્યું નહીં.' શેઠે કહ્યું, 'બેટા, એ લોઢું કાટવાળું હોવું જોઈએ. આપણે લુહાર પાસે જઈને કાટ ઉતરાવીને ફરી પારસમણિનો સ્પર્શ કરાવીએ. શેઠે બીજીવાર પારસમણિ સાથે લોઢું રાત આખી મૂકી રાખ્યું. અને ખરેખર બીજી સવારે તે લોઢું સોનું બન્યું. ધનિક પુત્રી ખુશ થઈ. અને તેની સખી પણ આનંદમાં આવી ગઈ.' સાર એ છે કે મનુષ્યના હૃદયમાંથી જયાં સુધી કાટ જાય નહીં ત્યાં સુધી ઈશ્વરરુપી મણિ તેને શુદ્ધ સોનામાં રૂપાંતરિત કરી શકતો નથી.

# આઝાદીની લડાઈ શાશ્વત છે

**તંત્રીસ્થાનેથી...**

આઝાદીના અમૃતપર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે સ્વાભાવિક રીતે જ આપણને આઝાદી પૂર્વેના લોકજીવન વિશે જાણવાનું મન થાય. આપણે ૧૯૫૮ના વિપ્લવને પહેલા સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે ઓળખાવીએ છીએ. અલબત્ત, એ પહેલાં પણ આપણે ઘણા સ્વાતંત્ર્ય સંગ્રામો માનસિક રીતે લડી ચૂક્યા હતા. શું પ્રજાને રાજા મહારાજાઓને, બાદશાહો, નવાબો અને સુલતાનોની ગુલામી ગમતી હતી ? પ્રજાએ એ બધું મૂંગે મોંએ જીરવ્યા કર્યું હતું. કારણ કે છેક પાષાણયુગથી જ 'જેની લાઠી એની ભેંસ' વાળો શિરસ્તો ચાલતો હતો. ઘણા રાજાઓ અને બાદશાહો સારા પણ હશે એની ના નહીં; પણ આખરે હતી તો એ પરાધીનતા જ. પ્રજાનો અવાજ કોઈ રામ કે જહાંગીર જેવા ન્યાયપ્રિય રાજા જ સાંભળતા હતા. મોટા ભાગના શાસકો તો એમને વારસાઈમાં કે બાહુબળથી પ્રાપ્ત થયેલ વૈભવમાં જ આળોટતા હતા. ગુજરાતના નજીકના ભૂતકાળની વાત કરીએ તો વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, ગોંડલના રાજવી ભગવતસિંહજી અને ભાવનગર નરેશ કૃષ્ણકુમાર સિંહજી જેવા કેટલાક રાજાઓ લોકશાહીને પણ અતિક્રમી જાય એ હદે લોકપ્રિય બન્યા હતા. પ્રજાએ પોતાની રૈયત જ નહીં બલકે સંતતિ ગણીને લાડ લડાવ્યા હતા. અશોક માટે 'પ્રિયદર્શી' જેવં વિશેષણ વપરાયું તે અમથું નહીં જ હોય. અકબર એટલો જ ઉદાર મતવાદી બાદશાહ હતો. પરંતુ પ્રજાનું ખરું પ્રતિનિધિત્વ તો સંતો અને કવિઓ કરતા રહ્યા છે. વાલ્મીકિએ રામને ઓળખાવ્યા અને વેદ વ્યાસે કૃષ્ણના વિરાટ રૂપની કલ્પના રજૂ કરી. તુલસીદાસે 'રામચરિત માનસ' રચીને ભયભીત પ્રજાને રામનાં રખોપાં ઉપલબ્ધ કરાવ્યા. શાસન તો ત્યારે મોગલોનું હતું. પ્રજાને એ બહારથી આવેલા બળૂકા શાસકોની સ્વાભાવિક રીતે જ બીક લાગતી હતી.

ધર્માંધ બાદશાહોએ પ્રજાનાં તીર્થસ્તાનો સાથે ચેડા કર્યાં હતા. કૃષ્ણ જન્મભૂમિ પર મસ્જિદ બાંધી દીધી હતી અને રામ જન્મભમિ પર તો બાબરીનું નિર્માણ એથીય પહેલાં થઈ ગયું હતું. છતાં પ્રજા એની શ્રદ્ધાના બળે ટકી રહી. એ શ્રદ્ધા સંકોરવાનું કામ સંતો અને કવિઓએ કર્યું હતું. અકબરે સૂરદાસને 'સીકરી' (ફતેપુર સિક્રી એ વખતે રાજધાનીનું નગર હતું) તેડાવ્યા ત્યારે એ ખુદ્દાર અંધ કવિએ કહ્યું હતું : 'સંતન કો કહા સીકરી સોં કામ ?' આવો રોકડો જવાબ કોઈ કવિ જ પરખાવી શકે. પંડિત જવાહરલાલ નહેરુએ 'ડિસ્કવરી ઓફ ઈંડિયા' જેવો બૃહદ ગ્રંથ લખ્યો. સંત વિનોબાને એ પુસ્તકની એક પ્રત ભેટ મોકલી અને એમના આશીર્વાદ માગ્યા. વિનોબાએ આખો ગ્રંથ શબ્દશઃ વાંચ્યા પછી જણાવ્યું કે જવાહર, તમે એક ભૂલ કરી છે. તમે ગ્રંથમાં એવું લખ્યું છે કે અકબર નામના બાદશાહના સમયમાં તુલસીદાસ નામના સંત કવિ થઈ ગયા. ખરું પૂછો તો તમારે એમ લખવું જોઈતું હતું કે તુલસીદાસ નામના સંત કવિના જમાનામાં અકબર નામનો બાદશાહ થઈ ગયો. જવાહરલાલે જવાબ આપ્યો કે ઈતિહાસ લખવાની આ જ રૂઢ પ્રણાલી છે. ઈતિહાસ શાસકોના નામે લખાતો રહ્યો છે. વિનોબા એમ થોડું નમતું જોખે? એમણે જીદ ના જ છોડી અને કહ્યું કે હું ભૂદાનયાત્રા દરમિયાન દિલ્હી નજીકના એક મુસ્લિમ વસતિવાળા ગામે રોકાયો હતો. ગ્રામસભામાં મેં બધાને એક પ્રશ્ન પૂછ્યો : તમારામાંથી અકબરનું નામ કેટલા લોકોએ સાંભળ્યું છે ? લોકો અભણ હતા એટલે કોઈ આંગળી ઊંચી ના થઈ. ફરી ફરીને એ પ્રશ્ન રિપીટ કર્યો ત્યારે સરપંચે વિનમ્રતાપૂર્વક ઊભા થઈને કહ્યું : બાબાજી, અમે તો અજાન વખતે જે 'અલ્લાહુ અકબર' બોલાય છે એ અકબરનું જ નામ જ સાંભળ્યું છે. મેં તરત જ બીજો સવાલ કર્યો : તમે કોઈએ સંત તુલસીદાસનું નામ સાંભળ્યું છે ખરું ? - બધા એકી અવાજે બોલ્યા કે તુલસીદાસ મહારાજનું નામ તો સાંભળ્યું જ હોય ને ! અમારા ગામમાં ત્રણ ચાર હિંદુ કુટુંબોમાં રોજ રામચરિત માનસનું પારાયણ થાય છે. તમે વિચાર કરો : દિલ્હીના પાદરમાં જ આવેલ મુસ્લિમોની વસતિનું ગામ, પણ કોઈએ બાદશાહ અકબરનું નામ નહોતું સાંભળ્યું જયારે તુલસીદાસને બધા જ જાણતા હતા ! - મુદ્દે વાત એટલી જ કે દરેક યુગ ખરેખર તો એના પ્રતિનિધિ સર્જક - કવિ કે સંતને ઓળખે છે. કવિ કલાપિ 'માજી' નથી થતો. રાજા, બાદશાહ, વડાપ્રધાન - તમામ ભૂતપૂર્વ બની ભુલાઈ જતા હોય છે. આપણને મેવાડના રાણાના નામની ખબર નથી, પણ મીરાંબાઈને આખી દુનિયા ઓળખે છે. સર્જક એના સમયનો સ્વયંસિદ્ધ નેતા હોય છે. એ સત્તાને પણ નથી ગાંઠતો. મોટા ભાગે તો એ સત્તાની જ સામે જ ટકરાતો રહે છે. મીરાંબાઈએ મેવાડ છોડી દેવાની નોબત આવી તો પણ રાણાની વાત ના માની તે ના જ માની. ગાંધીયુગની પ્રચંડ અસર હેઠળ પણ આપણો કવિ માર્કસવાદી વિચારધારાની હિંતક લાગતી કવિતા રચી શક્યો છે. 'વિશ્વશાંતિ' જેવા ગાંધીકાવ્યના જ રચયિતાએ 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ'ની વાત કરી છે અને ગાંધીના ચુસ્ત અનુયાયી ક.મા. મુનશીએ ગાંધીજીને ન ગમે એવી પ્રેમકથા - 'પૃથિવી વલ્લભ' આપી છે. સર્જક કયારેય સત્તાની શેહમાં તણાયો નથી. એણે પરાધીનતા પચી નથી.

# પુષ્પદન્તે કહ્યું -



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

હે મહાદેવ ! તમારો મહિમા અપાર છે. દેવો પણ તમારી સ્તુતિ કરીને થાકી જતા હોય છે. તો હું તો પામર મનુષ્ય છું. તમારી સ્તુતિ કરવાનો પ્રયત્ન કરું છું, એ માફ કરવી, માત્ર હું નહિ, કોઈ પણ તમારા સગુણ સ્વરુપની સ્તુતિ કરવા લલચાય.



ઊલટું, હું આ રીતે તમારા ગુણગાન કરું, તેનાથી મારી વાણી પવિત્ર બનશે.

તમારી પાસે ઐશ્વર્ય છે, પરંતુ મૂરખ લોકો સમજી શકતા નથી. તેથી નિંદા કરતા હોય છે. આવા નાસ્તિકો ખોટેખોટા સવાલો કર્યા કરે છે. અરેરે ! આ મૂરખાઓ, તમારા અસ્તિત્વ વિશે શંકા કરે છે.

બધી નદીઓ અંતે સાગરમાં મળે, એની જેમ સૌ કોઈ મનુષ્યો માટે અંતિમ ધ્યેય તમે જ છો. તમારું સ્વરુપ ભલે બિહામણું લાગે, પરંતુ દેવો પણ જે સમૃદ્ધિ ભોગવે છે, એ તમારી કૃપાને કારણે છે.

બ્રહ્મા અને વિષ્ણુ - બંને એ તમારું સ્વરુપ સમજવા બહુ પ્રયત્નો કર્યા; એથી તમે જ સામે ચાલીને એમને દર્શન આપ્યા. રાવણે પોતાના મસ્તકરુપી કમળ ચડાવીને તમારી પૂજા કરી, એટલે જ એ ત્રણેય લોક ઉપર વિજય મેળવી શક્યો. પણ એ ઉપકારને ભૂલી ગયો. એણે કૈલાસ પર્વત ઉઠાવવાનો પ્રયત્ન કર્યો, તમે એને માત્ર અંગૂઠાથી દબાવી નાખ્યો. બાણાસુર જે સમૃદ્ધિને પામ્યો, એ તમારી ભક્તિને કારણે પામ્યો. તમે વિષપાન કર્યું, તેનાથી તમારા કંઠે ડાઘ પડી ગયો. તેનાથી તમારી શોભા વધી ગઈ.

તમે તાંડવનૃત્ય કરો છો, એ જગતની રક્ષા માટે હોય છે. પણ લોકો સમજતા નથી.

ગંગા નદીનો અલૌકિક પ્રવાહ તમારી જટામાં પ્રવેશ કરે છે, ત્યારે તમારો દેહ ભવ્ય અને દિવ્ય છે, એની પ્રતીતિ થાય છે. ઘાસના તણખલાંની જેમ તમે ત્રણ નગરને ભસ્મ કરી નાખ્યા. વિષ્ણુની પરમ ભક્તિથી પ્રસન્ન થઈને, તમે એને સુદર્શન ચક્ર આપ્યું. તમે જ બધા યજ્ઞોનું ફળ આપો છો. તેમ છતાં જરૂર પડતાં, તમે જ પ્રજાપતિ દક્ષના યજ્ઞનો ભંગ કર્યો. બ્રહ્માદી અપરાધ કરે, તો તમે એને પણ છોડયા નથી. યુવતીઓ સ્વભાવે ભોળી હોય છે, માતા પાર્વતીએ માની લીધું - તમે એમને વશ છો, આ સંભવિત છે.

ભલે તમારું સ્વરુપ અમંગળ લાગે, ભક્તો માટે તો તમે 'પરમ મંગલ' છો. સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, જળ, આકાશ, પૃથ્વી અને જીવાત્મા તમે જ છો. ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઈશાન, ઉગ્ર, મહાદેવ, ભીમ. આ તમારા આઠ નામો છે. તમે નજીક છો અને દૂર. તમને પ્રણામ, તમે વિરાટ છો અને સૂક્ષ્મ. તમને પ્રમાણ તમે વૃદ્ધ છો અને યુવાન. તમને પ્રણામ. તમે સૌ કોઈ માટે કલ્યાણ કરનારા છો, તમને નમસ્કાર. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તમને આધીન છે; તમને પ્રણામ.

એક તો મારી ટૂંકી બુદ્ધિ અને મનમાં રાગદ્વેષ. બીજી બાજુ અમાપ ગુણોની સમૃદ્ધિવાળા તમે. આ તો તમારા તરફની ભક્તિએ મને પ્રોત્સાહિત કર્યો છે. એટલે તમારા ચરણોમાં આ મારી સ્તુતિ રુપી ફૂલમાળા સમર્પિત કરું છું.

# કયું શહેર સદાબહાર શહેર તરીકે ઓળખાય છે?



## ખજાનો

અનિલ પટેલ

### વિશ્વની ભગોળ

| | | |
|---|---|---|
| ૧ | કયું શહેર સદાબહાર શહેર તરીકે ઓળખાય છે? | |
| | (અ) ક્વીટો (ઈકવાડોર) | (બ) પેરિસ (ફ્રાન્સ) |
| | (ક) ન્યૂયોર્ક (અમેરિકા) | (ડ) જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ) |
| ૨ | ખૈભરઘાટ કયા દેશમાં આવેલ છે? | |
| | (અ) ચીન | (બ) ભારત |
| | (ક) અફઘાનિસ્તાન | (ડ) પાકિસ્તાન |
| ૩ | ઈટાલીનું રોમ શહેર કઈ નદીના કિનારે આવેલું છે? | |
| | (અ) રાયન | (બ) ટાઈબર |
| | (ક) થેમ | (ડ) નાઈલ |
| ૪ | દક્ષિણ આફ્રિકા સ્થિત કિમ્બરલેવની ખાણ શા માટે જાણીતી છે? | |
| | (અ) સોના | (બ) પ્લેટિનમ |
| | (ક) હીરા | (ડ) કોલસા |
| ૫ | કયું શહેર વિશ્વની રાજદ્વારી રાજધાની તરીકે ઓળખાય છે? | |
| | (અ) જીનીવા | (બ) પેરીસ |
| | (ક) ઈંગ્લેન્ડ | (ડ) વોશિંગ્ટન |
| ૬ | બાલ્ખસ સરોવર કયા દેશમાં આવેલ છે? | |
| | (અ) ઈરાન | (બ) ઈરાક |
| | (ક) અફઘાનિસ્તાન | (ડ) કઝાકિસ્તાન |
| ૭ | દુનિયાની સૌથી નાની નદી કઈ છે? | |
| | (અ) મેકેન્ઝી (કેનેડા) | (બ) ડી નદી (યુએસએ) |
| | (ક) ટાઈબર (ઈટાલી: | (ડ) પો નદી (ઈટાલી) |
| ૮ | જાણીતું બસરા બંદર કયા દેશમાં આવેલું છે ? | |
| | (અ) પાકિસ્તાન | (બ) દક્ષિણ આફ્રિકા |
| | (ક) ઈરાક | (ડ) ઈઝરાયેલ |
| ૯ | દુનિયામાં સૌથી વધુ ભાષાઓ કયા દેશમાં બોલાય છે ? | |
| | (અ) ઈટાલી | (બ) ભારત |
| | (ક) દક્ષિણ આફ્રિકા | (ડ) પાપુઆ ન્યુ ગીની |
| ૧૦ | મરે ડાલીંગ નદી કયા દેશમાં આવેલી છે ? | |
| | (અ) સિંગાપુર | (બ) ઓસ્ટ્રેલિયા |
| | (ક) મલેશિયા | (ડ) મ્યાનમાર |
| ૧૧ | ગ્રેટ ડિવાઈડીંગ રેન્જ પર્વતમાળા કયા દેશમાં આવેલી છે ? | |
| | (અ) ઓસ્ટ્રેલિયા | (બ) ન્યુઝીલેન્ડ |
| | (ક) ઉત્તર અમેરિકા | (ડ) બ્રહ્મદેશ |
| ૧૨ | હેનોઈ કયા દેશની રાજધાની છે? | |
| | (અ) ઉત્તર કોરિયા | (બ) મલેશિયા |
| | (ક) વિયેતનામ | (ડ) સિંગાપોર |
| ૧૩ | પમ્પાસનાં ઘાસના મેદાનો કયા દેશમાં આવેલા છે? | |
| | (અ) જર્મની | (બ) પોર્ટુગલ |
| | (ક) આર્જેન્ટીના | (ડ) હોલેન્ડ |
| ૧૪ | કયો દેશ યુરોપનું ભારત તરીકે ઓળખાય છે? | |
| | (અ) ઈટાલી | (બ) ફ્રાન્સ |
| | (ક) જર્મની | (ડ) લકઝમ્બર |
| ૧૫ | સ્ટેન્લી જળધોધ કઈ નદી પર આવેલો છે? | |
| | (અ) થેમ | (બ) કોંગો |
| | (ક) વોલ્ગા | (ડ) એમેઝોન |

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૩ સપ્ટેમ્બર :
  - અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા મંગળની ધરતી પર મોકલવામાં આવેલ લાઈકીંગ-૨ સફળતાપૂર્વક લેન્ડીંગ કર્યું (૧૯૭૬)
  - મશહુર અમેરિકન આર્કીટેક લુઈસ સુલીવાનનો જન્મદિવસ (૧૮૫૬)
  - સાહિત્યકાર નરસિંહરાવ દિવેટીયાનો જન્મદિવસ (૧૮૫૯)
  - ફિલ્મ કલાકાર વિવેક ઓબરોયનો જન્મદિવસ (૧૯૭૬)
- ૪ સપ્ટેમ્બર :
  - ઓસ્ટ્રેલિયન પ્રકૃતિવિદ સ્ટીવ ઈરવીનનું અવસાન (૨૦૦૬)
  - પ્રખ્યાત ટૂંકી વાર્તાઓના રચયિતા તરીકે પ્રખ્યાત આફ્રિકન-અમેરિકન લેખક રિચાર્ડ રાઈટનો જન્મદિવસ (૧૯૦૮)
  - ફિલ્મી અદાકાર સ્વ. ઋષિકપુરનો જન્મદિવસ (૧૯૫૨)
  - ભારતીય ક્રિકેટર કિરણ મોરેનો જનમદિવસ (૧૯૬૨)
- ૫ સપ્ટેમ્બર : શિક્ષણ દિન
  - ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ (૧૮૮૮)
  - બ્રહ્માંડમાં આવેલ મિલ્કી વે ગેલેક્ઝીમાં બ્લેક હોલ હોવાના પુરાવા મળ્યા (૨૦૦૧)
  - સેવાના મૂર્તિ એવા નોબેલ પારિતોષિક વિજેતા મધર ટેરેસાનું ૮૭ વર્ષની વયે કલકત્તામાં અવસાન થયું (૧૯૯૭)
  - પૂર્વ જર્મનીના મુનીચ શહેરમાં ઓલિમ્પિક દરમિયાન પેલેસ્ટાઈન આતંકવાદી દ્વારા હુમલામાં ૧૧ના મોત થયા. (૧૯૭૨)
- ૬ સપ્ટેમ્બર :
  - ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદધ શરૂ થયું (૧૯૬૮)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ વિલિયમ મેકલીન પર ગોળીબાર થયો. જેમનું આઠ દિવસ પછી મૃત્યુ થયું (૧૯૦૧)
  - બ્રિટીશ સાયન્ટીસ્ટ જહોન ડેલ્ટોનનો જન્મદિવસ (૧૭૬૬)
  - ઝિમ્બાબ્વેના પ્રથમ અને સૌથી વધુ સમય સુધી પ્રમુખ રહેલા રોબર્ટ મુગાબેનું ૯૫ વર્ષની ઉંમરે અવસાન (૨૦૧૯)
- ૭ સપ્ટેમ્બર :
  - હાઈ વોલ્ટેજ જનરેટરના શોધક જેમ્સ્ આલ્ફ્રેડ વાન એલનનો જન્મદિવસ (૧૯૧૪)
  - ઈંગ્લેન્ડના મહારાણી એલીઝાબેથ પહેલાનો જન્મદિવસ (૧૫૩૩)
  - અમેરિકાના મશહુર ચિત્રકાર ગ્રેન્ડમા મોસનો જન્મદિવસ (૧૮૬૦)
  - સાહિત્યકાર દામોદર બોટાદકરનું નિધન (૧૯૨૪)
- ૮ સપ્ટેમ્બર :
  - કસુંબલ ડાયરાને પ્રખ્યાત બનાવનાર હેમુ ગઢવીનો જન્મદિવસ (૧૯૨૯)
  - સ્વામી શિવાનંદની પુણ્યતિથિ (૧૮૮૭)
  - ઈન્દિરા ગાંધીના પતિ સ્વ. ફિરોઝ ગાંધીની પુણ્યતિથિ (૧૯૬૦)
  - ઈંગ્લેન્ડના રાજા રિચાર્ડ પહેલાનો જન્મદિવસ (૧૧૫૭)
- ૯ સપ્ટેમ્બર :
  - ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા માઓ ઝેન્ડોગનું અવસાન (૧૯૭૬)
  - મશહુર અમેરિકન કેનેડિયન અને એકટર એડમ સેન્ડલરનો જન્મદિવસ (૧૯૬૬)
  - વિશ્વ પ્રસિદ્ધ ફ્રેન્ચ આર્ટીસ્ટ હેનરી ડે ટોલોસે લૌટરનો જન્મદિવસ (૧૮૬૪)
  - શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનનું નિધન (૨૦૧૨)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

વિશ્વ ઓઝોન પડ સંરક્ષણ દિવસ કયારે ઉજવાય છે ?

જવાબ : ૧૬ સપ્ટેમ્બર

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) પંકડ આર પ્રજાપતિ (ઉવારસદ) (૫) શિવાંગ પટેલ : ઈસનપુર મોટા (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭

**આ સપ્તાહનો સવાલ**

બાબરી મસ્જિદ ધ્વંસની ઘટના વખતે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી કોણ હતા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મન માંકડું.... દેશમાં પરદેશ, પરદેશમાં દેશ આવે યાદ!!



## હળવે હૈયે

પ્રકાશ લાલા

સાયન્સ અને ટેકનોલોજી દિન પ્રતિદિન કલામ કરી રહ્યા છે. સવારનો બ્રેકફાસ્ટ દેશમાં ઘરે કરીને વિમાને ચઢો ને એ જ દિવસમાં લંચ-ડિનર દૂરના કોઈ વિદેશમાં કરો એવી 'ફાસ્ટ' વિમાની સેવાઓએ દુનિયાને નાની બનાવી મૂકી છે - નજીક લાવી દીધી છે. 'કરલો દુનિયા મુઠ્ઠી મેં' તે આ જ હશે ? વચ્ચે અમેરિકાના કેટલાક મિત્રો મજાકમાં કહેતા હતા કે હવે એવી સુપર સોનિક સ્પીડવાળી ફાસ્ટ ફલાઈટ્સ શરૂ થવાની છે કે બે જ કલાકમાં મુંબઈ વડાપાંવ કે અમદાવાદ પાણીપુરી ખાઈને આવી શકાશે... વાત રોમાંચક જરૂર લાગે ને વિકસતી ટેકનોલોજી સંદર્ભે અશક્ય ય નથી લાગતી પણ એ વડાપાંવ ને પાણીપુરી કેટલામાં પડે એ વિચારે થથરી જવાય કે નહીં ? આ વાત સંદર્ભે બીજો વિચાર એ આવ્યો ક પરદેશમાં ઈન્ડિયન ફૂડ, સ્વીટ્સ્ - નમકીન ખૂબ મળતાં થયાં હોવા છતાં ગુજરાતીઓને દેશના સ્વાદવાળાં વડાપાંવ - પાણીપુરીનો વિરહ જરૂર સાલે છે !!

સાયન્સ અને ટેકનોલોજી દુનિયાને ભલે નાની બનાવી દે.... આપણાં સૌનાં મન અને દિલ વિશાળ રાખે એવી સતત પ્રાર્થના કરતા રહેવાની જરૂર છે કેમ કે સાંકડા - સ્વાર્થી દિલ ને મનના કારણે સૌનાં સુખ-ચેન છિનવાતાં વાર નથી લાગતી એ આપણે અફઘાન-તાલીબાન ને બીજા દેશોના બનાવોએ બતાવી આપ્યું છે. હમણાં અમે લંડન છીએ. અહીં 'સમર' હમણાં જ પૂરો થયો.... આવ્યા ત્યારે ઉનાળાના પંદર દિવસ બાકી હતા. લંડન - યુકેમાં ભલે લોકોને 'સમર' હોય, આપણે માટે તો ઈન્ડિયાના નવેમ્બર-ડિસેમ્બરની ઠંડીનો જ અનુભવ થાય. અહીંના લોકો માટે આ 'બેસ્ટ ટાઈમ' ગણાય. ખુલ્લામાં હરવા - ફરવાનો, પિકનિક્સ - પાર્ટી, કરવાનો જલસો પડે. અહીં બધાંને, પછી ઠંડી વધતા બધાંની બકરી ડબ્બામાં આવી જતી હોય છે.... એટલે જ બધાં 'સમર' ફુલ્લી એન્જોય કરી લે.... એવામાં થોડું ટેમ્પ્રેચર ઊંચું જાય તો 'ઓહ... ઈટ્સ વેરી હોટ... વેરી વેરી હોટ ટુડે' કહીને અકળાઈ ઊઠે.... ને આપણે એકાદ સ્વેટરમાં સજ્જ થયા વગર હી ના શકીએ... દરેક પ્રદેશને દરેક લોકોની અલગ અલગ તાસીરની વાત છે ને !!

તા. ૩૦મીએ જન્માષ્ટમી હતી - દેશમાં ને અહીંયા પણ જન્માષ્ટમી પર્વે 'ભક્તિવેદાંત મેનોર' - 'હરે કૃષ્ણ મંદિરે' ત્રણ દિવસનો ભારે ઉત્સવ હોય.... આ વર્ષે કોવિડના કારણે જન્માષ્ટમીના દિવસે ફક્ત ૨૦,૦૦૦ દર્શનાર્થીઓની જ પરમિશન હોવાથી, દર્શન માટે ઈચ્છુકે ઓનલાઈન, એકત એક કલાકના ટાઈમ સ્લોટની ફ્રી ટિકીટ એડવાન્સમાં મેળવી લેવાની હતી... અમે એ લીધેલી એટલે લાભ મળ્યો. તા. ૩૦મી - મન્ડેની અહીં પણ રજા હતી... જન્માષ્ટમીની નહીં ભાઈ. વર્ષના છેલ્લા એમના બેંક હોલી ડેની! 'મન્ડે બેંક હોલી ડે' એન્જોય કરવા નીકળી પડ્યા હતા તેથી બધા રોડ પર ભરચક ટ્રાફિક મળે. પરિણામે, દોઢ કલાકનું કંટાળાજનક ડ્રાઈવિંગ કરીને 'ઈસ્કોન ટેમ્પલ' પહોંચેલા અમે ગાડી દૂર ફાળવાયેલા પાર્કિંગ લોટમાં પાર્કિંગ કરી, સ્ટેગરિંગ પ્રમાણે ક્યુમાં આગળ વધતા વધતા બીજી ત્રીસ મીનીટે શ્રી રાધાકૃષ્ણની સન્મુખ થઈ શક્યા... ને ૪-૫ મિનિટમાં દર્શનનો લાભ લઈ બહાર નીકળી જવું પડ્યું.... હા, અહીં શ્રીનાથજીની જેમ ઝાપટિયા મારી મારીને 'નીકળો... નીકળો...' કે બાલાજી તિરુપતિની માફક ધક્કા નહોતા પણ વોલિન્ટિયર્સની 'જય શ્રી કૃષ્ણ' સાથેની નમ્ર રિકવેસ્ટ હતી, હા, સમય ન બગડે માટે 'નો ફોટોગ્રાફી પ્લીઝ' ની સૂચના છતાં કેટલાક ઈન્ડિયન એ કરી લેતા હતા એ જુદી વાત છે !! પણ બે કલાકના પુરુષાર્થના અંતે પાંચ મિનિટનાં દર્શન સરસ થઈ શક્યા... યાત્રામાં કઠિનાઈ તો હોયજ ને !

ફરાળી 'પ્રસાદમ્' પણ પામ્યા.... પ્રસાદની લાંબી લાઈનમાં ગોરાઓ ઉપરાંત ઈન્ડિયાના દરેક રાજયના ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડિયન, મહારાષ્ટ્રીયન, નોર્થ ઈન્ડિયન - બધા જ અહીં રહેતા કે ફરવા આવેલા આન્ટી ને આન્ટાઓ, સોરી, કાકા-કાકીઓને લઈને અમારી જેમ આવેલા એમના સન્સ, ડોકટર કે ડોટર ઈન લો ને ગ્રાન્ડ ચિલ્ડ્રન્સનો મેળો જામ્યો હતો ને અંગ્રેજી સાથે પોતપોતાની મધર ટન્ગમાં વાતોના તડાકા માણવા મળ્યા... ભારે ગીર્દી છતાં પ્રસાદ લેવામાં કે પાર્કિંગમાં - દર્શનમાં કોઈને તકલીફ ન પડે એવી વ્યવસ્થા - આયોજન હતાં... એ જોઈ ગાંધીનગર 'અક્ષરધામ'ના ઉદ્ઘાટન મહોત્સવમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વાર કરાયેલી અદ્ભૂત આયોજનની યાદ આવી ગઈ અમને....

● ● ●

પરદેશમાં આપણે ત્યાંની જેમ ઘરકામ કરવા ઘાટી 'રામુ' કે 'બાઈ' ના મળે... વાસણ - ડિશવોશર, કચરા પોતાં (હુવર), કપડાં (વોશિંગ મશીન) બધું 'જાત મહેનત ઝિંદાબાદ' જ હોય છે.... તેથી જ પરદેશમાં હસબન્ડ વાઈફે ઓફિસમાં વર્ક પછી ને પહેલાં ઘરે હોમવર્ક (ઘરનાં કામો, ભાઈ !) હળીમળીને વહેંચી ને કરવાં જ પડે છે... અહીં 'બાઈ' કે 'રામલા' ના અભાવે પીડાતી ગૃહિણીઓની ફરિયાદ હોય છે કે : 'બધું છે અહીં પણ કામવાળા નથી એ દુઃખ છે.'

'રામુ' કે 'બાઈ' ભલે ના હોય, મોટા ભાગનાના ઘરે 'એલેકસા' નામની પર્સનલ આસિસ્ટન્ટ જરૂર હોય. અને દરેક મદદનીશનું નામ 'એલેક્સા' જ હોય છે... ચોંકવાની જરૂર નથી. 'એલેક્સા' એ કોઈ જીવંત આસિસ્ટન્ટ નથી. એ તો છે 'એમેઝોને' શોધી કાઢેલ 'વર્ચ્યુઅલ ડિઝિટલ આસિસ્ટન્ટ.' 'એલેક્સા' ટેબલ ઉપર ખડે પગે હાજર. હુકમ કરો એ બધાં કામ કરે. અહીં બધાં એવાં સજ્જડ 'બિઝી' હોય છે કે ઘડિયાળનાં કાંટે દોડવું પડતું હાવા છતાં ઘડિયાળમાં ટાઈમ જોવાનો, ન્યૂઝ જોવા - વાંચવાનો, વેધર કેવું છે એ જોવાનોય એ લોકોને ટાઈમ નથી હોતો... એમના વતી એમનાં આ બધાં કામો બિચારી 'એલેક્સા' કરી આપે છે... ઘરકામ કરતાં કરતાં હુકમ છૂટે : 'એલેક્સા, વોટ ઈઝ ટાઈમ....એલેક્સા, હાઉ ઈઝ વેધર ટુ ડે, એલેક્સા, ટુ ડેઝ ન્યુઝ, પ્લીઝ' ને એલેકસા ફટાફટ બધું એમને સંભળાવે - સાવ સાચું હો.... અરે 'એલેક્સા, ગીવ મી એલાર્મ આફટર ફિફટીન મિનિટ....' ઓર્ડર અપાય તો પંદરમી મિનિટે એલેકસા એલાર્મ વગાડી ઘરધણી - ઘણિયાણીને એલર્ટ પણ કરે.

છે ને કેટલાંય કામો કરી આપવા 'એલેક્સા' બાઈ હાજર અહીં !!